# ઔદ્યોગિક અદાલત નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

પરચુરણ અરજી(આઈ.સી.)નં.૩૮/૨૦૨૧

એપેલન્ટ :– નોવાસીડ પ્રા.લી.

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ :– રાજારામ બહોરી ભગત

::– એપેલન્ટ/અરજદાર તરફેની આંક–૧૧ ની અરજી નીચે હુકમ –::

(૧) એપેલન્ટ/અરજદારની અરજીમાં જણાવેલ છે કે, " સદરહું કામમાં અમો એપેલન્ટની ડીલે કોન્ડોન અરજીની સુનાવણી ઉપર મુદત તારીખ છે. સદરહું ડીલે કોન્ડોન અરજી મુળ ટી અરજી નં–૧૫૬/૧૪ ના કામમાં કરેલ છે. તથા રીકવરી અરજી નં–૧૮૪/૨૦૧૮ નું કામ હાલની ડીલે કોન્ડોન અરજી સાથે સંકળાયેલ કામ છે. તેથી ડીલે કોન્ડોન અરજીની સુનાવણીના સમયે મુળ ટી અરજી નં–૧૫૬/૧૪ નો રેકર્ડ તેમજ રીકવરી અરજી નં–૧૮૪/૨૦૧૮ નો રેકર્ડ ધ્યાને લેવો ખુબ જ જરૂરી હોવાથી આ બંને કેસોનો રેકર્ડ કોલ ફોર કરવો ખુબ જ જરૂરી હોય હાલની આ અરજી આપવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આથી અમો એપેલન્ટની નમ્રતાપુર્વક અરજ છે કે, મજકુર ટી અરજી નં–૧૫૬/૧૪ નો રેકર્ડ તેમજ રીકવરી અરજી નં–૧૮૪/૨૦૧૮ નો રેકર્ડ કોલ ફોર કરવા મહેરબાની રાહે હુકમ ફરમાવશોજી."

(૨) આ કામના રીસ્પોન્ડન્ટ/સામાવાળાને આર.પી.એ.ડી.થી નોટીસ બજાવવામાં આવેલ છે. પરંતુ તેઓ આ કામે હાજર થયેલ નથી.

(૩) એપેલન્ટ/અરજદારની હાલની અરજી મુળ ટી.અરજી નં.૧૫૬/૨૦૧૪ તથા રીકવરી અરજી નં.૧૮૪/૨૦૧૮ ના કામનું રેકર્ડ મંગાવવા માટેની છે. હાલની પરચુરણ અરજી(આઈ.સી.) નં.૩૮/૨૦૨૧ મુળ ટી.અરજી નં.૧૫૬/૨૦૧૪ ના કામે થયેલ હુકમ સામે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટેની છે. વિલંબ માફની અરજીની હકીકત વંચાણે લેતાં, મુળ ટી.અરજી નં.૧૫૬/૨૦૧૪ ના કામે થયેલ હુકમની નકલ મજુર અદાલત તરફથી મળેલ ન હોવાનું તેમજ રીકવરી અરજી નં.૧૮૪/૨૦૧૮ ના

કામનો હુકમ તેઓને તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ હોવાનું અને તે ઉપરથી તેઓને મુળ ટી.અરજીમાં એક તરફી હુકમ થયેલ હોવાની જાણ થયેલ હોવાનું જણાવેલ છે. એપેલન્ટ/અરજદાર તરફે આંક–૧૩ ના લીસ્ટથી રીકવરી અરજી નં.૧૮૪/૨૦૧૮ ના હુકમની નકલ મળેલ હોવા અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. જેથી સદર રીકવરી અરજીનું રેકર્ડ મંગાવવું જરૂરી અને ન્યાયોચીત જણાતું નથી. વિલંબ માફની અરજી મુળ ટી.અરજીના હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટેની છે. જેથી મુળ ટી.અરજીના હુકમની નકલ એપેલન્ટ/અરજદારને મજુર અદાલત તરફથી બજાવવામાં આવેલ છે કે કેમ ? તે મુળ ટી.અરજીના રેકર્ડ ઉપરથી નિર્ણય થઈ શકે તેમ છે અને વિલંબ માફની અરજીનો નિર્ણય તેના ઉપર આધારિત છે. આમ, મુળ ટી.અરજીનું રેકર્ડ વિલંબ માફની અરજીના નિર્ણય માટે મંગાવવું જરૂરી અને ન્યાયોચીત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) આથી એપેલન્ટ/અરજદારની આંક–૧૧ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) મુળ ટી.અરજી નં.૧૫૬/૨૦૧૪ નું રેકર્ડ મંગાવવા હુકમ કરવામાં આવે છે.

આજ તા.૨૨ મી ડીસેમ્બર–૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જે.એસ.પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનોઃ– સી.જી.ચૌધરી)